ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૧૧/૨૨-૨૩/ 2275 તારીખ : 11 JUL 2022

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી મોટકા જાદવભાઈ નાનુભાઈ,**
**મું. કારીયાણી, તા.બોટાદ,**
**જી.બોટાદ.**

કેસ નં.૧૧/૨૨-૨૩

**મો.નં – ૯૯૭૮૦ ૪૦૭૭૭**

**વિષય : નડતરરૂપ ટ્રાન્સફોર્મર ફેરવી આપવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૨૬/૦૪/૨૦૨૨ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૩૦/૦૪/૨૦૨૨.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૧/૨૨-૨૩/૧૫૬૧ તા.૧૭/૦૫/૨૦૨૨.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૧/૨૨-૨૩/૧૮૪૦ તા.૦૭/૦૬/૨૦૨૨.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૨૪/૦૬/૨૦૨૨ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **બોટાદ.**

***.......ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.***

**નકલ રવાના:-**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **બોટાદ.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) નાયબ ઈજનેરશ્રી,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, **ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી, બોટાદ.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

**(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)**

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૧૧/૨૨–૨૩** ☜

વાદી :– **શ્રી મોટકા જાદવભાઈ નાનુભાઈ,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખઃ– તા.૨૪/૦૬/૨૦૨૨** ◈

હાજર રહયા :– **શ્રી સંજયભાઈ જાદવભાઈ પટેલ (વાદી ના પુત્ર)**

પ્રતિવાદી :– **શ્રી એ.એમ.જીવાણી, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, બોટાદ.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી મોટકા જાદવભાઈ નાનુભાઈ, મું.કારીયાણી, તા.બોટાદ, જી.બોટાદની નડતરરૂપ ટ્રાન્સફોર્મર ફેરવી આપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૧/૨૨–૨૩ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, બોટાદને પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૧/૨૨–૨૩/૧૫૬૧ તા.૧૭/૦૫/૨૦૨૨ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૨૪/૦૬/૨૦૨૨** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદીના પુત્ર શ્રી સંજયભાઈ જાદવભાઈ પટેલ હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એ.એમ.જીવાણી, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, બોટાદ ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમો ખેતીવાડી સર્વે નં–૧૧૮ પૈકી ૩ પૈકી ૧ ની માલીકીની જમીન ધરાવીએ છીએ. તેમાં પીજીવીસીએલ કચેરી દ્વારા બે ટ્રાન્સફોર્મર ઉભા કરવામાં આવેલ છે.

૧.૨ જેમાં એક ટ્રાન્સફોર્મરમાં અમારૂં સ્વતંત્ર કનેકશન છે અને બીજા ટ્રાન્સફોર્મર માં અમારી બાજુમાં વાડી ધરાવતા ગ્રાહક પ્રભાબેન ગુણવંતભાઈ નું ટીસી અમારી વાડીમાં ઉભું હોય તેમને પોતાની જમીનમાં જગ્યા હોય તેમ છતાં, આ જોડાણ નું ટીસી અમારી વાડીમાં રાખેલ છે.

૧.૩ ત્યાં હાલ અમારે પાણી હોય તો કુવો કરવાનો હોય અને ઓરડી કરવાની હોય અને ગાયો માટે શેડ ઉભો કરવાનો હોય માટે કોઈ જાનમાલને નુકશાન થાય તે પહેલા આ ટીસી ફેરબદલી કરવા પીજીવીસીએલ ને અવારનવાર ઘણીવાર ૪ વર્ષ થી અમો રજૂઆત કરતા હોય તેનું કોઈ નિવારણ નહી આવતા આપને અરજી કરવાની ફરજ પડતી હોય તો આનું ન્યાયપૂર્ણ કાર્યવાહી કરાવી આપવા આપને વિનંતી છે.

Redressal Forum P.G.V.C.L. Bhavnagar

☞ **પ્રતિવાદીશ્રીની રજુઆત** :- ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...

૨.૧ અરજદારશ્રી મોટકા જાદવભાઈ નાનુભાઈ ના જણાવ્યા મુજબ સદર વિવાદીત ૧૦ કેવીએ નું ટ્રાન્સફોર્મર પોતાના ખેતીવાડી સર્વે નં-૧૧૮ પૈકી ૩ પૈકી ૧ માં હયાત છે. અરજદારની લેખિત રજુઆત મુજબ સદર ટ્રાન્સફોર્મર જે તે સમયે સંયુકત માલીકીની જગ્યામાં ઉભું કરવામાં આવેલ. હાલ આ જમીનમાં સહ હિસ્સેદારોમાં વહેંચણી થવાથી આ ટ્રાન્સફોર્મર વાળી જગ્યા અરજદારના ભાગમાં આવેલ છે.

૨.૨ સદર સ્થળ પર તા.૨૮/૫/૨૦૨૨ ના રોજ નાયબ ઈજનેરશ્રી બોટાદ ગ્રામ્ય પે.વિ.કચેરી દ્વારા સ્થળ રોજકામ કરવામાં આવેલ. જે મુજબ સદર ટ્રાન્સફોર્મરમાંથી પ્રભાબેન ગુણવંતભાઈ ના નામનું ગ્રાહક નં-૩૬૮૧૦/૦૦૭૩૧/૮ વાળું ૧૦ હો.પા.નું એ-૧ કેટેગરી નું વિજ જોડાણ આવેલ છે. જે વિજ જોડાણ ટ્રાન્સફોર્મર ની બાજુમાં આવેલ એક પાકી ઓરડીમાં લગાડવામાં આવેલ છે. તેમજ રેકોર્ડ મુજબ સદર વિજ જોડાણ તા.૧/૧૨/૧૯૯૬ ના રોજ રીલીઝ કરવામાં આવેલ છે તેમજ કનેકશન લેવા સમયે રજૂ કરેલ ૭-૧૨ માં સુવાંગ કુવાનો ઉલ્લેખ છે.

૨.૩ આથી, પ્રભાબેન ગુણવંતભાઈ ના નામનું ગ્રાહક નં--૩૬૮૧૦/૦૦૭૩૧/૮ વિજ જોડાણ પોતાની માલીકીની જગ્યામાં ફેરવવા નવી ૧૧૫ મીટર એચ.ટી.લાઈન અને ટ્રાન્સફોર્મર શીફટીંગ કરવાની થતી હોય જે અન્વયે અરજદારને બોટાદ ગ્રામ્ય પે.વિ.કચેરી દ્વારા જાવક નં-૪૭૫૨ તા.૨/૬/૨૦૨૨ ના રોજ રૂ.૨૩,૦૭૭/- નું અંદાજપત્ર આપવામાં આવેલ છે.

૨.૪ જે અરજદાર દ્વારા ભરપાઈ કર્યે સદર પ્રભાબેન ગુણવંતભાઈ ના નામનું ગ્રાહક નં-૩૬૮૧૦/૦૦૭૩૧/૮ વાળું વિજ જોડાણ ટ્રાન્સફોર્મર સહિત તેમની માલીકીની જમીન ઉપર ફેરવવામાં આવશે.

☞ **ફોરમનું તારણ** :- વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી અરજદારશ્રી મોટકા જાદભાઈ નાનુભાઈ, મું-કારીયાણી ના ખેતીવાડી સર્વે નં-૧૧૮ પૈકી ૩ પૈકી ૧ માં ના નડતરરૂપ ટ્રાન્સફોર્મર ફેરવી આપવા બાબતે પ્રતિવાદી સાથે તકરાર થતા, ફોરમને રજૂઆત કરેલ છે.

૩.૨ આજરોજ રૂબરૂ સુનાવણી દરમ્યાન બંને પક્ષોની રજૂઆત, દસ્તાવેજો અને દલીલો ધ્યાને લેતાં, ફોરમને જણાય છે કે, વાદી દ્વારા ઉપસ્થિત કરવામાં આવેલ સવાલવાળું ૧૦ કેવીએ નું ટ્રાન્સફોર્મર ખેતીવાડી સર્વે નં-૧૧૮ પૈકી ૩ પૈકી ૧ પર હયાત છે. જે વિજ જોડાણ પ્રભાબેન ગુણવંતભાઈ ના નામનું છે. સદર કનેકશન ની રીલીઝ તા.૧/૧૨/૧૯૯૬ છે. આમ, વાદી દ્વારા ઘણાંજ લાંબા સમયબાદ એટલે કે, આશરે ૨૬ વર્ષ બાદ ટ્રાન્સફોર્મર નડતરરૂપ હોવા અંગેની રજૂઆત કરેલ છે.

૩.૩ પ્રતિવાદી દ્વારા જે તે સમયે એટલે કે, તા.૧/૧૨/૧૯૯૬ કનેકશન રીલીઝ કર્યા પહેલા જરૂરી ૭-૧૨, ૮-અ, વગેરે દસ્તાવેજો જોઈને ખરાઈ કર્યા બાદ કનેકશન આપવામાં આવેલ. જે ૭-૧૨ માં સુવાંગ કુવો હોવા અંગેનો ઉલ્લેખ પણ છે. પરંતુ, હાલ વાદીને તેમના અન્ય વારસાઈ ભાગીદારો સાથે મનમેળ ન હોવાના કારણે ટ્રાન્સફોર્મર ફેરવવાનો મુદો ઉપસ્થિત કરેલ છે.

Consumer Grievances Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

૩.૪ વાદીની સદર રજૂઆત ને ધ્યાને લઈ, પ્રતિવાદી દ્વારા ટ્રાન્સફોર્મર વાળા કનેકશન ના માલીક પ્રભાબેન ગુણવંતભાઈ ને સવાલ વાળું ટ્રાન્સફોર્મર તેમની માલીકીની જમીનમાં ફેરવી આપવા માટે રૂ.૨૩,૦૭૭/– નું અંદાજપત્ર તા.૨/૬/૨૦૨૨ થી અરજદારને આપેલ છે. જે ભર્યેથી આગળની કાર્યવાહી થઈ શકે.

૩.૫ ઉપરોકત તારણોને ધ્યાને લેતાં ફોરમને જણાય છે કે, પ્રતિવાદી દ્વારા કનેકશન રીલીઝ સમયે કરવામાં આવેલ કાર્યવાહી નિયમાનુસાર હોઈ, હવે જો કોઈ ભાગીદાર ટ્રાન્સફોર્મર ની જગ્યા ફેરવવા માંગ તેવા સંજોગોમાં જે તે જમીન પર ફેરવી આપવાનો લાઈન શીફટીંગ નો ખર્ચ અરજદારે ભરી આપવો પડે. આમ, તેમના દ્વારા અંદાજપત્ર ભર્યેથી પ્રતિવાદીએ આગળની કાર્યવાહી કરવી.

## –:: હુકમ ::–

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૫ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, કનકરોડ, ત્રિકોણ બાગ, રાજકોટ–૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

**(શ્રીમતી જે.એમ.મહેતા)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

**(એ.એ.જાડેજા)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એન.સી.મકવાણા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :– **૨૪/૦૬/૨૦૨૨.**

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar